**ક્રિમીનલ કેસ નંબર :– ૧૨૩૭૫/૨૦૨૫**

**આંક – ૧ લગત હુકમ**

૧. આ કામની ફરીયાદ પક્ષની હકિકત આરોપીને વાંચી સંભાળાવી તથા સમજાવવામાં આવે લ છે. તેમજ તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છીક રીતે કોઈ પણ પ્રકારના દબાણ વિના ગુનો કબુલ કરેલ છે. જે નહી માનવાને કારણ નથી.

૨. આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે. જે અંગેની કબુલાત પુરશીસ પણ રજુ કરેલ છે.

૩. આરોપી પક્ષે રજુઆત છે કે આરોપી ગરીબ વર્ગના છે તેમજ તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે. આ ઉપરાંત હાલનો ગુનો આરોપીનો પ્રથમ ગુનો હોવાથી રજુઆત કરેલ છે.

૪. કેસની હકિકત, આરોપીની આર્થિક પરિસ્થિત તથા સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તથા તેમજ આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા '' સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર '' ના ૨૦૦૫ ક્રિમીનલ લો જર્નલ ૨૯૭૫ પર પ્રસિધ્ધ ચુંકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત જણાય આવે છે.

**:– આખરી હુકમ –:**

આ કામના આરોપીને બી. એન. એસ. એસ.ની કલમ ૨૭૫ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ– ૬૬ (૧) બી મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો )નો દંડની સજા ફરમાવુ છુ.અને જો દંડની રકમ ન ભરવામાં આવે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**ઠરાવ આજ રોજ ૧૧ મી માહે – જુલાઈ – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**તા.૧૧/૦૭/૨૦૨૬**

**સ્થળ : વાપી**

**(આર.એ.નાગોરી)**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.વાપી**
**જજ કોડ GJ00722**